| |
|---|
| **અગ્રતા ક્રમ.- ૦૨ *પ્રશ્ન ક્ર. ૨૫૨**<br>**મૂળ LAQ પૂછનાર શ્રી ઉમેશભાઇ મકવાણા ધા.સ.શ્રી- (બોટાદ)**<br>**“બરવાળા તાલુકામાં લઠ્ઠાકાંડના આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી બાબતે”** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન.MLAશ્રી – શ્રી શંભુ પ્રસાદજી ટુંડીયા** |
| **પૂરક પ્રશ્ન- (૧)** બોટાદ જીલ્લામાં થયેલ લઠ્ઠાકાંડ અન્વયે આરોપીઓ વિરૂધ્ધ કરેલ કાર્યવાહીની વિગત જણાવશો. |
| **જવાબ- માન. અધ્યક્ષશ્રી,**<br>**<u>બોટાદ જીલ્લો</u>**<br>(૧) બરવાળા પો.સ્ટે ગુ.ર.નં -૧૧૧૯૦૦૦૧૨૨૦૨૯૩/૨૦૨૨ IPC ક.૩૦૪, ૩૦૮, ૩૨૮, ૨૮૪, ૨૦૧, ૨૦૨, ૧૧૮,૧૨૦, ૧૨૦(બી), ૧૧૪, ૩૪ તથા પ્રોહી ૬૫-એ,૬૭(૧)(એ), ૭૯, ૮૧, ૮૩ મુજબના ગુનામા કુલ ૨૪ આરોપીઓની અટકાયત કરી નામ.કોર્ટમા નં.૨૬/૨૦૨૨ તા. ૧૮/૧૦/૨૦૨૨ના રોજ ચાર્જશીટ કરેલ છે. |

(૨) રાણપુર ગુ.ર.નં. પો.સ્ટેએ-પાર્ટ.ગુ.ર.નં. ૧૧૧૯૦૦૦૬૨૨૦૪૪૬/૨૦૨૨ ઈ.પી.કો.કલમ ૩૦૪, ૩૦૮, ૩૨૮,૨૮૪ , ૨૦૧, ૨૦૨,૧૧૮, ૧૨૦, ૧૨૦(બી), ૩૪ પ્રોહી.કલમ ૬૫એ, ૬૭(૧)એ, ૭૯, ૮૧,૮૩મુજબ ગુનામા કુલ ૨૦ (અમોસ કંપની સહિત)ના આરોપીઓની અટકાયત કરી નામ.કોર્ટમા ચાર્જશીટ નં.૧૨૬/૨૦૨૨, તા.૧૮/૧૦/૨૦૨૨ના રોજ ચાર્જશીટ કરેલ છે.

**અગ્રતા ક્રમ.- ૦૨ *પ્રશ્ન ક્ર. ૨૫૨**

**મૂળ LAQ પૂછનાર શ્રી ઉમેશભાઇ મકવાણા ધા.સ.શ્રી- (બોટાદ)**

**"બરવાળા તાલુકામાં લઠ્ઠાકાંડના આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી બાબતે"**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન.MLAશ્રી – શ્રી કાળુભાઈ ડાભી**

**પૂરક પ્રશ્ન.(૨)** આ ગુનામાં આરોપીઓ વિરૂધ્ધ લગાવવામાં આવેલ કલમોમાં શું જોગવાઇ છે?

**જવાબ- માન. અધ્યક્ષશ્રી,**

| કલમ | જોગવાઇ | સજા |
|---|---|---|
| ઈ.પી.કો. ક.- ૩૦૪ | જો કોઇ વ્યક્તિ ખુન ન ગણાય એવો ગુનાહિત મનુષ્ય વધ કરે તેને જો મૃત્યુ નિપજાવનારૂ કૃત્ય મૃત્યુ નિપજાવવાના અથવા જેનાથી મૃત્યુ નિપજાવવાનો સંભવ હોય એવી શારીરિક હાનિ પહોંચાડવાના ઇરાદેથી કર્યું હોય | જન્મ ટીપ અથવા ૧૦ વર્ષ સુધીની કેદ અને દંડ |
| ઈ.પી.કો. ક.- ૩૦૮ | જો કોઇ વ્યક્તિ કોઇ કૃત્ય એવા ઇરાદાથી કે જાણકારી સાથે અને એવા સંજોગોમાં કરે કે તેથી જો મૃત્યુ નિપજાવે તો પોતે ખૂન ન ગણાય તેવા ગુનાહિત મનુષ્યવધ | ૭ વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા તે બંને |

| | | |
|---|---|---|
| ઈ.પી.કો. ક.-૩૨૮ | જો કોઇ વ્યક્તિ બીજા કોઇ વ્યક્તિને વ્યથા કરવાના ઇરાદાથી અથવા ગુનો કરવાના અથવા તેમ કરવામાં સરળતા કરી આપવાના ઇરાદાથી અથવા વ્યથા થવાનો સંભવ છે એવું જાણવા છતાં તેને કોઇ ઝેર અથવા કોઇ બેહોશ કરનારું, નશો ચડાવનારું અથવા તંદુરસ્તીને હાનિ કરનારું ઔષધ કે બીજી વસ્તુ આપે અથવા તેની પાસે લેવડાવે | ૧૦ વર્ષ સુધીની કેદ અને દંડ |
| ઈ.પી.કો. ક.- ૨૮૪ | જો કોઇ વ્યક્તિ માણસોની જીંદગી જોખમમાં મુકાય અથવા કોઇ વ્યક્તિને વ્યથા કે હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી કોઇ ઝેરી પદાર્થ અંગે કંઇ કૃત્ય કરે અથવા પોતાના કબજામાં હોય તેવા ઝેરી પદાર્થથી માણસોની જીંદગીના સંભવીત જોખમ સામે પુરતો બચાવ રહે એ રીતે તેની વ્યવસ્થા જાણી જોઇને અથવા બેદરકારીથી ન કરે | ૬ મહિના સુધીની કેદ અથવા ૧000 સુધીનો દંડ અથવા તે બંને |
| ઈ.પી.કો. ક.-૨૦૧ | જો કોઇ વ્યક્તિ ગુનો કરવામાં આવ્યો છે એવું જાણવા છતાં એમ માનવાને કારણ હોવા છતાં ગુનેગારને કાયદેસરની | ૭ વર્ષ સુધીની કેદ |

| | | |
|---|---|---|
| | શિક્ષામાંથી બચાવી લેવાના ઇરાદાથી તે ગુનો થયાનો કોઇ પુરાવો ગુમ કરે અથવા એવા ઇરાદાથી તે ગુના અંગે ખોટી હોવાનું પોતે જાણતી કે માનતી હોય તેવી માહિતી આપે | |
| ઈ.પી.કો. ક.- ૨૦૨ | જે કોઇ વ્યક્તિ પોતે જે ગુના અંગેની માહિતી આપવા કાયદેસર રીતે બંધાયેલ હોય તે ગુનો કરવામાં આવ્યો છે એમ જાણવા છતાં અથવા એવું માનવાને કારણ હોવા છતાં ઇરાદાપૂર્વક તે માહિતી ન આપે | ૬ મહિના સુધીની કેદ અથવા દંડ કે બંને |
| ઈ.પી.કો. ક.-૧૧૮ | જે કોઇ વ્યક્તિ મોત અથવા આજીવન કેદની શિક્ષાને પાત્ર કોઇ ગુનો કરવામાં સરળતા કરી આપવાના ઇરાદાથી અથવા તેમ કરવાથી પોતે સરળતા કરી આપશે એવો સંભવ હોવાનું જાણવા છતાં એવો ગુનો કરવાની (યોજનાનું અસ્તિત્વ કોઇ કૃત્ય કરીને અથવા ન કરીને (કસુર કરીને) અથવા સાધન સંતાડતા ઇન્સ્ક્રીપ્સનનો ઉપયોગ કરીને અથવા બીજી કોઇપણ માહિતીથી સ્વેચ્છાપૂર્વક છુપાવે) અથવા એવી યોજના અંગેની જે રજુઆત ખોટી હોવાનું પોતે જાણતી હોય તેવી રજુઆત કરે | ૭ વર્ષ સુધીની કેદ અને દંડ |

| | | |
|---|---|---|
| ઈ.પી.કો. ક.-૧૨૦ | જો કોઇ વ્યક્તિ કેદની શિક્ષાને પાત્ર કોઇ ગુનો કરવામાં સરળતા કરી આપવાના ઇરાદાથી અથવા તેમ કરવાથી પોતે સરળતા કરી આપશે એવો સંભવ હોવાનું જાણવા છતાં એવો ગુનો કરવાની યોજનાનું અસ્તિત્વ કોઇ કૃત્ય અથવા ગેરકાયદેસરના કાર્યલોપથી સ્વેચ્છાપૂર્વક છુપાવે અથવા એવી યોજના અંગેની જે રજુઆત ખોટી હોવાનુ પોતે જાણતી હોય તેવી રજુઆત કરે | તે ગુના માટે ઠરાવેલી વધુમાં વધુ મુદતની ૧/૪ મુદત સુધીની કેદની અથવા તે ગુના માટે ઠરાવેલા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે. |
| ઈ.પી.કો. ક.- ૧૨૦(બી) | (૧) જે કોઇ વ્યક્તિ મોતની આજીવન કેદની અથવા બે કે તેથી વધુ વર્ષ સુધીની સખત કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાના ગુનાહિત કાવતરામાં સામેલ હોય તેને એવા કાવતરા માટેની શિક્ષાની આ અધિનિયમમા સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવી ના હોય ત્યારે એવા ગુનામાં તેણે દુષ્પ્રેરણ કર્યુ હોય એ રીતે શિક્ષા કરવામાં આવી ન હોય ત્યારે એવા ગુનામાં તેણે દુષ્પ્રેરણ કર્યુ હોય એ રીતે શિક્ષા કરવામાં આવશે<br>(૨) જે કોઇ વ્યક્તિ ઉપર જણાવ્યા મુજબ શિક્ષાપાત્ર ગુનો | ૬- મહિના સુધીની બે માંથી કોઇ એક પ્રકારની કેદ અથવા દંડ અથવા તે તે બંને શિક્ષા કરવામાં આવશે. |

| | | |
|---|---|---|
| | કરવા માટેના ગુનાહિત કાવતરા સીવાયના બીજા ગુનાહિત કાવતરામાં સામેલ હોય તેને | |
| ઈ.પી.કો. ક.-૧૧૪ | પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરિણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઇ વ્યક્તિ શિક્ષાને પાત્ર થાય એવુ કૃત્ય પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે | જે તે ગુનાની સજા |
| ઈ.પી.કો. ક.- ૩૪ | જુદી જુદી વ્યક્તિઓએ તેમનો બધાનો સામાન્ય ઇરાદો બર લાવવા માટે કોઇ ગુનાહિત કૃત્ય કર્યુ હોય ત્યારે એવી વ્યક્તિઓ પૈકીની દરેક વ્યક્તિ તે કૃત્ય પોતે એકલાએ જ કર્યુ હોય તે રીતે તે કૃત્ય માટે જવાબદાર છે. | |
| પ્રોહી કલમ- ૬૫-એ | ભાંગ ગાંજાના ગેરકાયદેસર વાવણી તથા સંગ્રહ કરવા તથા બીજી બાબતો માટે શિક્ષા અંગે | પ્રથમ ગુના માટે છ મહિનાની કેદ રૂ.૧૦૦૦ દંડ અને બીજા અને તે પછીના ગુના માટે બે વર્ષ સુધીની કેદ અને રૂ.૨૦૦૦ દંડ |

| | | |
|---|---|---|
| પ્રોહી કલમ-૬૭ (૧)(એ) | જે કોઇપણ વ્યક્તિ આ કાયદાની કલમ ૨૧ નો ભંગ કરી વિકૃત થયેલા કોઇ સ્પિરીટમાં ફેરફાર કરે કે હેરાફેરીનો પ્રયત્ન કરે કે જેના સંબંધે આવા ફેરફાર કે પ્રયત્ન કરવામાં આવેલ છે તેમ જાણતો હોય કે એમ માનવાને તેને કારણ હોય તેવા વિકૃત કરેલો કોઇ સ્પિરીટ પોતાને કબ્જે રાખે તો તે ગુનેગાર ઠર્યેથી | ૩ - વર્ષ સુધીની કેદ અને ૧,૦૦,૦૦૦ સુધીનો દંડ |
| પ્રોહી કલમ-૭૯ | આ કાયદા હેઠળ આપેલા પરવાના પરમીટ પાસ કે અધિકાર પત્ર ધારકની નોકરીમાની કે તેના વતી સીધી કે આડકતરી પરવાનગીથી કામ કરતી કોઇ વ્યક્તિએ આ કાયદાની જોગવાઇયો હેઠળ કોઇ ગુનો કર્યો હોય તે માટે તે ખરેખર ગુનેગારની સાથે જાણે કે તે ગુનો તેણે પોતે કર્યો હોય તેમ જવાબદાર થશે | આપેલા પરવાના પાસ કે અધિકાર પત્ર ધારકની નોકરીમાની કે તેના વતી સીધી કે આડકતરી પરવાનગીથી કામકરતી કોઇ વ્યક્તિએ આ કાયદાની જોગવાઇ |

| | | |
|---|---|---|
| | | હેઠળ કોઇ ગુનો કર્યો હોય તે માટે જવાબદારી થશે. |
| પ્રોહી કલમ-૮૧ | જે કોઇ વ્યક્તિ આ કાયદા હેઠળનો ગુનો કરવાનો પ્રયાસ કરે કે કરવામાં મદદગારી કરે ગુનેગાર ઠર્યેથી એવા પ્રયાસ કે મદદગારી બદલ મુખ્ય ગુના માટે જે શિક્ષા ઠરાવી છે તે જ સજા થશે | મુખ્ય ગુના માટે જે શિક્ષા છે. |
| પ્રોહી કલમ -૮૩ | જયારે બે કે વધુ વ્યક્તિઓ (એ) આ કાયદા હેઠળનો કોઇ ગુનો કરવા કે કરાવવા કે (બી) પરવાનો પરમીટ પાસ કે અધિકાર પત્રની કોઇ શરતનુ ઉલ્લંઘન કરવાની સંમતી આપે ત્યારે આવી વ્યક્તિઓ પૈકી પ્રત્યેક ગુનેગાર ઠર્યેથી | ૨ વર્ષ સુધીની કેદની શિક્ષા કે ૧૦૦૦ રૂ. સુધીના દંડની સજા કે બન્ને |

**અગ્રતા ક્રમ.- ૦૨ * પ્રશ્ન ક્ર. ૨૫૨**

**મૂળ LAQ પૂછનાર શ્રી ઉમેશભાઇ મકવાણા ધા.સ.શ્રી- (બોટાદ)**

**“બરવાળા તાલુકામાં લઠ્ઠાકાંડના આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી બાબતે”**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન.MLAશ્રી – શ્રી કિરીટસિંહ ડાભી**

**પૂરક પ્રશ્ન- (3) :** સને ૧૯૬૦ થી ૧૯૯૫ સુધી સમગ્ર રાજ્યની લઠ્ઠાકાંડની વિગત.

**જવાબ માન. અધ્યક્ષશ્રી,**

**ગુજરાત રાજયમાં સને-૧૯૬૦થી ૧૯૯૫ સુધીમાં કેટલા લઠ્ઠાકાંડ થયેલ તેની માહિતી**

| વર્ષ | શહેર/જીલ્લાનું નામ | બનાવની સંખ્યા | મરણની સંખ્યા | પક્ષ |
|---|---|---|---|---|
| ૧૯૭૬ | રાજકોટ શહેર | ૧ | ૬ | રાષ્ટ્રપતિ શાસન |
| | સુરત શહેર | ૬ | ૪૦ | કાંગ્રેસ |
| ૧૯૭૭ | અમદાવાદ શહેર | ૧ | ૨૨ | કાંગ્રેસ |
| | | ૧ | | જનતાપાર્ટી |
| ૧૯૭૮ | વડોદરા રૂરલ | ૧ | ૭ | જનતાપાર્ટી |

<table>
<tr><td>૧૯૭૯</td><td>વડોદરા શહેર</td><td>૧</td><td>૨૬</td><td>જનતાપાર્ટી</td></tr>
<tr><td>૧૯૮૫</td><td>અમદાવાદ શહેર</td><td>૧</td><td>૨૮</td><td>કાંગ્રેસ</td></tr>
<tr><td>૧૯૮૬</td><td>આણંદ</td><td>૧</td><td>૪</td><td>કાંગ્રેસ</td></tr>
<tr><td>૧૯૮૮</td><td>પોરબંદર</td><td>૧</td><td>૯</td><td>કાંગ્રેસ</td></tr>
<tr><td rowspan="2">૧૯૮૯</td><td>પોરબંદર</td><td>૨</td><td>૮</td><td rowspan="2">કાંગ્રેસ</td></tr>
<tr><td>વડોદરા શહેર</td><td>૧</td><td>૩૫</td></tr>
<tr><td>૧૯૯૦</td><td>જુનાગઢ</td><td>૧</td><td>૨૦</td><td>જનતાદળ</td></tr>
<tr><td rowspan="3">૧૯૯૧</td><td>અમદાવાદ શહેર</td><td>૨</td><td>૩૦</td><td rowspan="3">જનતાદળ</td></tr>
<tr><td>રાજકોટ શહેર</td><td>૧</td><td>૨૬</td></tr>
<tr><td>વડોદરા શહેર</td><td>૧</td><td>૦</td></tr>
<tr><td rowspan="2">૧૯૯૨</td><td>પંચમહાલ</td><td>૧</td><td>૧૫</td><td rowspan="2">જનતાદળ</td></tr>
<tr><td>દાહોદ</td><td>૨</td><td>૯</td></tr>
<tr><td>૧૯૯૫</td><td>ભાવનગર</td><td>૧</td><td>૨</td><td>કાંગ્રેસ</td></tr>
<tr><td colspan="2">કુલ</td><td>૨૬</td><td>૨૮૭</td><td></td></tr>
</table>

**NOT TO SPEAK………. ONLY માહિતી માટે**

| વર્ષ | શહેર/જીલ્લાનું નામ | બનાવની સંખ્યા | મરણની સંખ્યા | પક્ષ |
|---|---|---|---|---|
| ૨૦૦૯ | અમદાવાદશહેર | ૩ | ૧૫૪ | ભાજપ |
| | રાજકોટ રૂરલ | ૧ | ૧ | |
| ૨૦૧૨ | છોટાઉદેપુર | ૧ | ૬ | ભાજપ |
| ૨૦૧૩ | કચ્છ ભૂજ પૂર્વ | ૧ | ૪ | ભાજપ |
| ૨૦૧૫ | મહીસાગર | ૨ | ૬ | ભાજપ |
| ૨૦૧૬ | સુરત રૂરલ | ૧ | ૧૯ | ભાજપ |
| | સુરત શહેર | ૨ | ૨ | |
| ૨૦૧૭ | સુરત શહેર | ૨ | ૬ | ભાજપ |
| ૨૦૨૨ | બોટાદ | ૧ | ૩૩ | ભાજપ |
| | અમદાવાદ રૂરલ | ૧ | ૧૪ | |
| **કુલ** | | **૧૫** | **૨૪૫** | |

| |
|---|
| **અગ્રતા ક્રમ.- ૦૨ * પ્રશ્ન ક્ર. ૨૫૨**<br>**મૂળ LAQ પૂછનાર શ્રી ઉમેશભાઇ મકવાણા ધા.સ.શ્રી- (બોટાદ)**<br>**“બરવાળા તાલુકામાં લઠ્ઠાકાંડના આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી બાબતે”** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન.MLAશ્રી – શ્રી જીતુભાઇ વાઘાણી** |
| **પૂરક પ્રશ્ન- (૪):** પોલીસ અધિકારીઓ વિરૂધ્ધ હાથ ધરાયેલ કાર્યવાહીની વિગતો. |
| **જવાબ માન. અધ્યક્ષશ્રી,**<br><br>**<u>બોટાદ જીલ્લો</u>**<br>• **લઠ્ઠાંકાંડ અંગેના બનાવને કારણે બોટાદ જીલ્લામાં નાયબ પોલીસ અધિક્ષક કક્ષાથી લઇ પોલીસ સબ ઇન્સ્પેક્ટર કક્ષાના કુલ-૦૪ અધિકારીઓને ફરજ મોકુફ કરેલ છે તથા એ.એસ.આઇ થી લઇ કોન્સ્ટેબલ કક્ષાના કુલ-૨૪ કર્મચારીઓની અલગ-અલગ જીલ્લાઓમાં આંતર જીલ્લા બદલી કરેલ છે. તેમજ તેઓ વિરૂધ્ધ ખાતારાહે પગલાં લેવામાં આવેલ છે.** |

**અગ્રતા ક્રમ.- ૦૨ *પ્રશ્ન ક્ર. ૨૫૨**

**મૂળ LAQ પૂછનાર શ્રી ઉમેશભાઇ મકવાણા ધા.સ.શ્રી- (બોટાદ)**

**"બરવાળા તાલુકામાં લઠ્ઠાકાંડના આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી બાબતે"**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન.MLAશ્રી –**

**પૂરક પ્રશ્ન- (૫):** બોટાદની ઘટના સંદર્ભે તપાસ સમિતિની વિગત અને તારણ.

**જવાબ માન. અધ્યક્ષશ્રી,**

**સમિતિની વિગત**

| અ.નં. | અધિકારીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી સુભાષ ત્રીવેદી, (IPS) | પોલીસ મહાનિરીક્ષકશ્રી, સી.આઇ.ડી ક્રાઇમ (અધ્યક્ષ) |
| ૨ | શ્રી એમ.એ.ગાંધી, (IAS) | તત્કાલીન નિયામકશ્રી, પ્રોહીબીશન અને એકસાઇઝ (સભ્ય) |
| 3 | શ્રી એચ.પી.સંઘવી | ડાયરેકટર, ડી.એફ.એસ. (સભ્ય) |

**તારણ:**

બોટાદ જિલ્લામાં બનેલ લઠ્ઠાકાંડની ઘટનામાં અમદાવાદ ખાતેની એમોસ કંપનીમાં કામ કરતાં કર્મચારીએ મિથાઇલ આલ્કોહોલની ચોરી કરી તેના જાણીતા પ્રોહિબીશનની પ્રવૃત્તિ કરતાં ઇસમોને  વેચાણ કરેલ અને ત્યારબાદ તે ઇસમોએ અન્ય દારૂ બનાવતા ઇસમોને તે રસાયણ આપેલ જેમાંથી બનાવેલ દારૂ પીતાં બોટાદા જિલ્લામાં ૩૩ તેમજ અમદાવાદ જિલ્લામાં ૧૩ લોકોના મૃત્યુ થયેલ હતાં. તે બાબતે કરવામાં આવેલ સમગ્ર તપાસનો વિગતવાર અહેવાલ સરકારશ્રી કક્ષાએ વિચારણામાં છે.

| |
|---|
| **અગ્રતા ક્રમ.- ૦૨ * પ્રશ્ન ક્ર. ૨૫૨**<br>**મૂળ LAQ પૂછનાર શ્રી ઉમેશભાઇ મકવાણા ધા.સ.શ્રી- (બોટાદ)**<br>**"બરવાળા તાલુકામાં લઠ્ઠાકાંડના આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી બાબતે"** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન.MLAશ્રી –** |
| **પૂરક પ્રશ્ન- (૬):** મિથોલોનના પરીવહનને નિયંત્રીત કરવા હાથ ધરાયેલ કાર્યવાહી અને અત્યારના નિયમોની વિગતો. |
| **જવાબ માન. અધ્યક્ષશ્રી,**<br><br>❖ ગુજરાત મિથાઇલ આલ્કોહોલ નિયમોના નિયમ – ૨ (બીબી) મુજબ સમગ્ર રાજયમાં મિથાઇલ આલ્કોહોલના પરીવહન અંગે ડીલીવરી ચલણની જોગવાઇ કરેલ છે. જે નીચે મુજબ છે.<br>❖ ડિલિવરી ચલણ" નો અર્થ એ છે કે ઉત્પાદક અથવા સપ્લાયર દ્વારા જારી કરાયેલ માર્ગ, નદી અથવા સમુદ્ર દ્વારા પરિવહનમાં માલ સાથેનો દસ્તાવેજ, જેમાં નીચેની વિગતો સામેલ છે,<br>➢ ઉત્પાદક/સપ્લાયરનું નામ અને પૂરું સરનામું, |

- ખરીદનારનું નામ અને પૂરું સરનામું,
- મિથાઈલ આલ્કોહોલનો જથ્થો,
- ઓર્ડર નંબર અને તારીખ, જો કોઈ હોય તો,
- મિથાઈલ આલ્કોહોલ મોકલવામાં આવે તે તારીખ,
- ઉત્પાદક, અથવા સપ્લાયર અથવા તેના અધિકૃત કર્મચારીઓની સહી.

| |
|---|
| **અગ્રતા ક્રમ.- ૦૨ *પ્રશ્ન ક્ર. ૨૫૨**<br>**મૂળ LAQ પૂછનાર શ્રી ઉમેશભાઇ મકવાણા ધા.સ.શ્રી- (બોટાદ)**<br>**"બરવાળા તાલુકામાં લઠ્ઠાકાંડના આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી બાબતે"** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન.MLAશ્રી –** |
| **પૂરક પ્રશ્ન- (૭):** આવી ઘટનાઓ ન બને તે માટે રાજય સરકારે લીઘેલ પગલાંઓ અને કામગીરીની સમીક્ષા. |
| **જવાબ માન. અધ્યક્ષશ્રી,**<br>**<u>બોટાદઃ-</u>**<br>બોટાદ જિલ્લામાં ભવિષ્યમાં આવા બનાવો ન બને તે માટે ગામડાઓમાં રહેતા લોકો દારૂ તથા નશાકારક ચીજવસ્તુઓથી દુર રહે તે માટે દરેક ગામોમાં સરપંચ તથા ગામના આગેવાનો સાથે મળી જનજાગૃતિ ફેલાવવમાં આવે છે. તેમજ પ્રોહિબીશનની પ્રવૃતિ કરતા ઇસમો ઉપર અવાર-નવાર પોલીસ દ્વારા રેઇડો કરવામા આવે છે. અને કેસો કરવામાં આવે છે. આરોપીઓને અટક કરી તેમજ મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. અને તેઓ વિરૂધ્ધ જરૂરી અટકાયતી પગલા લેવામાં આવે છે. આ ઉપરાંત દરેક ગામોમાં |

વધુમાં વધુ પોલીસ દ્વારા પ્રોહિબીશન અંગે પેટ્રોલિંગ રાખી તથા વાહન ચેકિંગ કરી પ્રોહિબીશનની પ્રવૃતિને નેસ્તનાબુદ કરવા કામગીરી કરવામા આવે છે. અને આ ઉપરાંત તાબાના તમામ અધિકારીશ્રીઓને આ બાબતે તકેદારી રાખી કાર્યવાહી કરવા અવાર-નવાર સુચનાઓ કરવામાં આવે છે.

બોટાદ જિલ્લામાં તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૦૭/૨૦૨૩ સુધીમાં પ્રોહિબીશનના કુલ-૨૨૪૬ ગુનાઓ દાખલ કરવામાં આવેલ છે. તથા પ્રોહી-૯૩ મુજબ-૩૩૨ અટકાયતી પગલા લેવામાં આવેલ છે. અને બુટલેગરો તથા ગેરકાયદે પ્રોહિબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ કુલ-૨૧ આરોપીઓ સામે પાસા તથા કુલ-૭૬ આરોપીઓ સામે તડીપારની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**(૧) નશાબંધી માટે સરકાર સજાગ, સક્રિય અને કટીબધ્ધ**

- ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં એક શાંત, સમૃધ્ધ, સલામત અને પ્રગતિશીલ રાજ્ય તરીકેનું બહુમાન મેળવતુ રહયુ છે. તે શ્રેય ગુજરાતમાં રહેલા કાયદો અને વ્યવસ્થાની સુગમ, સુરક્ષીત અને શાંતિપૂર્ણ પરીસ્થિતી કાયદાના આવા સુશાસનનો

એક મોટો આધારસ્તંભ રાજ્યની નશાબંધીની નીતિ રહેલી છે. જેથી નશાબંધીની નીતિના કડક અમલ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ રહેલ છે તેથી કાયદાકીય અને માળખાગત ફેરફારો કરી રહેલ છે.

**(૨) નશાબંધીના કાયદાને વધુ મજબૂત કરવા જરૂરી સુધારા / ફેરફારો**

- દારૂબંધી માટેનો કાયદો ઘણો જૂનો (૧૯૪૯) હોવાથી, આ રાજ્ય સરકારે બદલાતા સમય સાથે નશાબંધી ધારાની જોગવાઇઓને વધુ કડક બનાવી કાયદામાં સુધારો કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારે વર્ષ-૨૦૧૬ માં વટહુકમ બહાર પાડી, વર્ષ-૨૦૧૭ માં કાયદો પસાર કરી અમલમાં લાવેલ છે.
- રાજ્ય સરકારે નશાબંધી ધારાની જોગવાઇઓને વધુ કડક બનાવી
- દારૂના ઉત્પાદન, ખરીદ-વેચાણ અને હેરફેર કરનારા ગુનેગારોની સજામાં ત્રણ ગણો વધારો કરી ૧૦ વર્ષ સુધીની સજા તથા રૂ.૫ લાખ સુધીના દંડની જોગવાઇ
- દારૂ પીને જાહેરમાં અસભ્ય વર્તન કરનારને ત્રણ વર્ષ સુધીની સજા તેમજ દંડની જોગવાઈ

- નશાબંધીની અમલવારી કરનાર ફરજ પરના પોલીસને અડચણ ઉભી કરનારને પાંચ વર્ષ સુધીની સજા અને રૂ.૫ લાખથી ઓછો ન હોય તેવા દંડની જોગવાઈ

આમ, દારૂ પીવાથી લઇને દારૂનું વેચાણ કરવા સંબંધી તમામ ગુનાઓમાં વધુ કડક જોગવાઇઓ અને વધુ સજા અંગેના જરૂરી ફેરફારો લાવીને કાયદાને વધુ મજબૂત બનાવી દારૂબંધીની નીતિના કડક અમલની દિશામાં એક સકારાત્મક અને વિચારશીલ પગલાંઓ લેવામાં આવેલ છે.

| |
|---|
| **અગ્રતા ક્રમ.- ૦૨ * પ્રશ્ન ક્ર. ૨૫૨**<br>**મૂળ LAQ પૂછનાર શ્રી ઉમેશભાઇ મકવાણા ધા.સ.શ્રી- (બોટાદ)**<br>**"બરવાળા તાલુકામાં લઠ્ઠાકાંડના આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી બાબતે"** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન.MLAશ્રી –** |
| **પૂરક પ્રશ્ન- (૮):** આરોપીઓ જેલમાં છે કે જામીન પર તેની વિગતો ? |
| **જવાબ, માન. અધ્યક્ષશ્રી**<br><u>**બોટાદ જીલ્લો**</u><br>(૧) બરવાળા પો.સ્ટે ગુ.ર.નં -૧૧૧૯૦૦૦૧૨૨૦૨૯૩/૨૦૨૨થી નોંધાયેલ કેસના **કુલ-૨૪** આરોપીઓ પૈકી **હાલમા જેલ કસ્ટડીમાં કુલ-૧૨ આરોપીઓ** છે તથા **કુલ ૧૨ આરોપીઓ જામીન મુક્ત છે.**<br>(૨) રાણપુર ગુ.ર.નં. પો.સ્ટેએ-પાર્ટ.ગુ.ર.નં. ૧૧૧૯૦૦૦૬૨૨૦૪૪૬/૨૦૨૨ નોંધાયેલ કેસના **કુલ-૧૯** આરોપીઓ પૈકી **હાલમા જેલ કસ્ટડીમાં કુલ- ૦૯** આરોપીઓ છે તથા **કુલ ૧૦ આરોપીઓ જામીન મુક્ત છે.** |

| |
|---|
| અગ્રતા ક્રમ.- ૦૨ * પ્રશ્ન ક્ર. ૨૫૨<br>મૂળ LAQ પૂછનાર શ્રી ઉમેશભાઇ મકવાણા ધા.સ.શ્રી- (બોટાદ)<br>"બરવાળા તાલુકામાં લઠ્ઠાકાંડના આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી બાબતે" |
| પૂરક પ્રશ્ન પૂછનાર માન.MLAશ્રી – |
| પૂરક પ્રશ્ન- (૯): સ્ટેટ મોનીટરીંગ સેલની કામગીરી |
| જવાબ, માન. અધ્યક્ષશ્રી<br><br>• વર્ષ- ૨૦૨૧ કુલ- ૧૪૮ કેસ રૂ. ૨૦.૫૪ કરોડનો મુદ્દામાલ સાથેનો દારૂ પકડેલ છે.<br>• વર્ષ- ૨૦૨૨ કુલ- ૨૫૪ કેસ રૂ. ૩૦.૪૬ કરોડનો મુદ્દામાલ સાથેનો દારૂ પકડેલ છે.<br>• વર્ષ- ૨૦૨૩ કુલ- ૨૪૮ કેસ રૂ. ૪૧.૪૪કરોડનો મુદ્દામાલ સાથેનો દારૂ પકડેલ છે. |